# સત્સંગ સમાચાર

## અનુપમ મિશન, સુરત મંદિરનો ૧૭મો પાટોત્સવ

૧૪ મે ૨૦૨૪ના રોજ સુરત મંદિરના ૧૭મા પાટોત્સવની ભક્તિમય ઉજવણી સંતભગવંત સાહેબજીના આશીર્વાદ સાથે કરવામાં આવી. પાટોત્સવના બે દિવસ પૂર્વે પ્રાદેશિક સંતો સાધુ પૂ. રમેશદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ, પૂ. મૂકેશદાસજી, પૂ. પિનાકીનદાસજી સુરત પધાર્યા ને તેઓનાં સાંનિધ્યમાં ૧૨મે-રવિવારે બપોરે સભાનું તેમજ રાત્રે યુવકોની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સૌને વિવિધ સેવાઓ અંગે સુંદર માર્ગદર્શન આપવામાં આવ્યાં.

૧૩ મે-પાટોત્સવની પૂર્વ સંધ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમનું અદ્ભુત આયોજન કરવામાં આવ્યું. સદ્ગુરુ સાધુઓ પૂ. અશ્વિનદાદા, પૂ. રતિદાદા, પૂ. હર્ષદદાદાની સાથે ૩૦ જેટલી મોટી સંખ્યામાં સંતો આ દિવ્ય પ્રસંગે સુરત પધાર્યા. સુરત પ્રદેશનાં નાનાં ભૂલકાંઓ, યુવતીઓ ને બહેનો દ્વારા સંતભગવંત સાહેબજીને પ્રસન્ન કરવાના ભાવથી ભક્તિમય સ્વાગતનૃત્ય, ભક્તિનૃત્ય ને સંવાદ રજૂ કરવામાં આવ્યાં. સંતભગવંત સાહેબજીએ સૌ ભક્તોને આપેલાં છ સંકલ્પસૂત્રોને કેન્દ્રસ્થાને રાખી સુંદર નાટ્યપ્રસ્તુતિ કરવામાં આવી, જે નિહાળી સૌ અત્યંત પ્રસન્ન થયાં. આજે સંતભગવંત સાહેબજીના પાસપૉર્ટ મુજબના પ્રાગટ્યદિનની સુંદર ઉજવણી  કરવામાં આવી. સાધુ પૂ. સતીશદાસજીએ પ્રાસંગિક મહિમાગાન કર્યાં તેમજ સૌ કલાકાર ભક્તોની ભક્તિની સરાહના કરી.

૧૪ મે ૨૦૨૪ના રોજ મંદિરજીમાં બિરાજિત શ્રી ઠાકોરજી, ગુણાતીત સ્વરૂપો અને સૌ દેવતાઓની મૂર્તિઓનાં પાટોત્સવ પૂજન સદ્ગુરુ સંતોની હાજરીમાં સાધુ પૂ. દિલીપદાસજી, પૂ. રમેશદાસજી, પૂ. રમેશદાસજી-દયાળુ, પૂ. હરસુખદાસજી, પૂ. ઉમેશદાસજી આદિ વડીલ સંતો દ્વારા કરવામાં આવ્યાં. સાધુ પૂ. ઉત્પલદાસજી તેમજ સાધુ પૂ. રાજુદાસજીએ આચાર્યપદે બિરાજી ૨૦ યજમાન સંતો-ભક્તો પાસે ભાવપૂર્ણ અને શાસ્ત્રોક્ત રીતે પાટોત્સવ વિધિ કરાવી. શ્રી ઠાકોરજીના શણગાર દરમિયાન સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા. પાટોત્સવ પૂજન બાદ પાટોત્સવ મુખ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું. પૂનમભાઈ શર્માએ સદ્ગુરુ સંતો તેમજ અનુપમ મિશન, મોગરીથી પધારેલ સંતો અને મહેમાનોનાં શબ્દોથી સ્વાગત કર્યાં. સાધુ પૂ. કાનજીદાસજી અને પૂ. પીટરદાસજીએ પ્રાસંગિક ઉદ્બોધન કરી સંતભગવંત સાહેબજીના મહિમાની સુંદર વાતો કરી.

સંતભગવંત સાહેબજીએ ફોન દ્વારા સૌને રૂડા આશીર્વાદ પાઠવી સૌ ભક્તોની ભક્તિને બિરદાવી. આ પ્રસંગે દક્ષિણ ગુજરાત પ્રદેશના મંદિરની સેવામાં વર્ષોથી સમર્પિત છે તેવા પાયાના ભક્તો - ધનસુખભાઈ ચૌહાણ, સમજુબા ગોટી તેમજ રૂખી માસીનાં સાધુ પૂ. દિલીપદાસજી અને સદ્ગુરુ સાધુ પૂ. અશ્વિનદાદાના હસ્તે પૂજન તથા શાલ અર્પણ કરીને વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યાં તેમજ તેઓના મહિમા ને સેવાના ગુણોનાં ગાન કરવામાં આવ્યાં. સદ્ગુરુ સાધુ પૂ. રતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ વરસાવ્યા. અંતે યુવા કાર્યકર રોહિતભાઈએ સૌનો આભાર વ્યક્ત કરી પાટોત્સવસભાની પૂર્ણાહુતિ કરી. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન અક્ષરભાઈએ સંભાળ્યું.

સાંજે યુવક-યુવતીઓની માર્ગદર્શન સભાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મોટી સંખ્યામાં સૌએ ઉપસ્થિત રહી લાભ લીધો. સાધુ પૂ. ઉત્પલદાસજી અને પૂ. સતીશદાસજીએ સુંદર માર્ગદર્શન આપ્યાં. સંતોનાં સાંનિધ્યે ભક્તિનો પરમ આનંદ માણી, મહિમામાં ગરકાવ બની સૌ આનંદથી સભર બન્યાં. ◆

## અનુપમ મિશનનાં ગૌરવ

ભગવાન સ્વામિનારાયણની કૃપા અને સંતભગવંત સાહેબજીના આશીર્વાદથી અનુપમ મિશન, શિણાયના તેજસ્વી યુવાન દુર્ગેશભાઈ માલીએ અખિલ ભારતીય સાંસ્કૃતિક સંઘ, પૂણે આયોજિત 'ઑલ ઈન્ડિયા બહુભાષી નાટક, નૃત્ય, સંગીત', ૨૦મી 'કલ્ચરલ ફૉરમ ઑફ પર્ફોર્મિંગ આર્ટ' અંતર્ગત 'નૅશનલ આર્ટ ટૅલેન્ટ સર્ચ-NATS 2024'માં ૨૩ મેના રોજ યોજાયેલ શાસ્ત્રીય તબલાંવાદન પ્રતિયોગિતામાં પ્રથમ સ્થાન મેળવી અનુપમ મિશનનું તેમજ વડીલ માવતરોનું ગૌરવ વધાર્યું છે. દુર્ગેશભાઈને ખૂબ ખૂબ અભિનંદન ! હવે તેઓ અબુધાબી-દુબઈ (U.A.E.)માં નવેમ્બર ૨૦૨૪માં યોજાનાર 'પરફોર્મિંગ આર્ટ્સ'ના ૧૪મા કલ્ચરલ ઑલિમ્પિયાડ'માં પોતાની કલા રજૂ કરવા માટે પસંદગી પામ્યા છે. તેઓને ઉજ્જ્વળ સિદ્ધિ ને પ્રગતિશીલ કારકિર્દી માટે શુભેચ્છાઓ ! ◆

**યોગી વિદ્યાપીઠ :** સંતભગવંત સાહેબજીની કૃપાશિષ અને પ્રેરણાથી સંસ્કારસંપન્ન શિક્ષણ અને કેળવણી આપતી યોગી વિદ્યાપીઠની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓનાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બૉર્ડની પરીક્ષાઓનાં ઝળહળતાં પરિણામ આવ્યાં છે.

*** જ્ઞાનયજ્ઞ વિદ્યાલય :** મોગરી સ્થિત જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે, જેમાં ૩૦ વિદ્યાર્થીઓ A1 ગ્રેડ, ૩૮ વિદ્યાર્થીઓ A2 ગ્રેડ તથા ૩૨ વિદ્યાર્થીઓ B1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે, જેમાં ૩ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ તથા ૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ મેળવી આણંદ જિલ્લામાં આગવું સ્થાન હાંસલ કરી શાળાનું નામ રોશન કર્યું છે.

*** શારદા મંદિર :** નડિયાદ સ્થિત શારદા મંદિરના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૮૨.૭૯% પરિણામ આવ્યું છે, જેમાં શાળાના ૩૫ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને ૫૪ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ હાંસલ કરી સુંદર સિદ્ધિ મેળવી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૮૧.૭૨% અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની બૉર્ડની પરીક્ષાનું ૯૬.૪૨% પરિણામ આવ્યું છે.

*** નીલકંઠવર્ણી વિદ્યાલય :** કચ્છ-શિણાય ખાતે અનુપમ મિશન સંચાલિત નીલકંઠવર્ણી વિદ્યાલયના ધોરણ-૧૦ની બૉર્ડની પરીક્ષાનું ૧૦૦% પરિણામ આવ્યું છે.

સંતભગવંત સાહેબજીએ સૌ વિદ્યાર્થીઓ અને સારસ્વતગણને અંતરની શુભેચ્છાઓ પાઠવી પ્રસન્નતાપૂર્ણ આશીર્વાદ પ્રદાન કર્યા છે. ◆

## શ્રી યોગી જયંતીની ભાવસભર ઉજવણી

વૈશાખ વદ બારસ, ૪ જૂન ૨૦૨૪ના રોજ બ્રહ્મસ્વરૂપ ગુરુદેવ યોગીજી મહારાજના ૧૩૩મા પ્રાગટ્યદિનની ભક્તિભરી ઉજવણી સંતભગવંત સાહેબજીના સાંનિધ્યે તપોભૂમિ બ્રહ્મજ્યોતિ પર કરવામાં આવી. વહેલી સવારે મંદિરજીમાં શણગાર આરતીમાં સૌ સંતો-અક્ષરમુક્તો એકત્ર થયા. યોગીબાપાની મૂર્તિ સમક્ષ યોગીમાહાત્મ્યનાં કીર્તનગાન, જપયજ્ઞ, મંત્ર-પુષ્પાંજલિ અને ભાવવંદના અર્પણ કરી. રાત્રે 'પારમિતા' સભાખંડમાં સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોની દિવ્ય ઉપસ્થિતિમાં માહાત્મ્યદર્શન સભા યોજાઈ. આ સભામાં ગુરુદેવ યોગીજી મહારાજની મૂર્તિનાં પૂજન કરી, પુષ્પહાર અર્પણ કરી ભાવવંદન ધર્યાં. ત્યારબાદ સભાસંચાલક સાધુ પૂ. સરજુદાસજી તથા સાધુ પૂ. પીટરદાસજીએ મહિમાનાં ગાન કર્યાં. ત્યારબાદ સદ્‌ગુરુ સાધુ પૂ. હર્ષદદાદા, પૂ. રતિકાકા અને પૂ. અશ્વિનદાદાએ રૂડા આશીર્વાદ પ્રદાન કરી યોગીમાહાત્મ્યમાં સૌને લીન કર્યા. અંતે સંતભગવંત સાહેબજીએ આશીર્વાદ વરસાવ્યા અને ગુરુદેવ યોગીજી મહારાજના દિવ્ય જીવન, અકલ્પનીય ભક્તિ તથા અનુપમ પ્રેમ અને ભવ્ય કાર્યનાં અદ્‌ભુત વર્ણન કર્યાં. મોટી સંખ્યામાં ઉપસ્થિત સૌ અક્ષરમુક્તોએ આ ભક્તિભીની સરવાણીરૂપી યોગી પ્રાગટ્યવંદના માણી અલૌકિક અનુભૂતિ કરી. ◆



શ્રી યોગીજયંતી સભામાં સાહેબજીના આશીર્વાદનો લાભ લેતા સંતો-અક્ષરમુક્તો

## શ્રદ્ધાંજલિ

*** હસમુખભાઈ પટેલ :** વડોદરા મંડળના પાયાના સત્સંગી અને નિષ્ઠાવાન અક્ષરમુક્ત હસમુખભાઈ ૨૩ મે ૨૦૨૪ના રોજ અક્ષરધામ સિધાવ્યા. સુરત રહેતા ત્યારથી તેઓ સંતભગવંત સાહેબજીના યોગમાં આવ્યા અને સત્સંગના રંગે રંગાયા. સંતભગવંત સાહેબજીની આજ્ઞાથી જ તેઓ વડોદરા સ્થાયી થયા અને સત્સંગપ્રવૃત્તિઓમાં જોડાયા. શરૂઆતનાં વર્ષોમાં વડોદરા મંડળની સત્સંગસભાનાં સંચાલન સંભાળ્યાં તથા 'વચનામૃત', 'સ્વામીની વાતુ'નાં પઠન કરવા આદિ સેવાઓ કરી સત્સંગનાં જ્ઞાન દૃઢ કર્યાં. વડોદરાના કોઈ પણ સેવાકાર્ય માટે સંતોની સૂચના આવે તો તેઓ જહેમત ઉઠાવી સમયસર તે સેવા પાર પાડતા. ગુરુહરિને પ્રસન્ન કરવાની અદમ્ય ભાવના સાથે તેઓ સતત જીવન જીવ્યા. તેમાં તેઓને ધર્મપત્ની કૈલાસબહેનનો સાથ મળ્યો ! આ દંપતીએ તેઓના બંને દીકરાઓ સુચેતભાઈ અને તેજસભાઈને પણ સત્સંગના સંસ્કારનો દિવ્ય વારસો આપ્યો અને દીકરાઓ પણ સંતોનાં વચને સપરિવાર સેવા-ભક્તિ કરી કલ્યાણસાધના કરી રહ્યા છે. હસમુખભાઈની બીમારી દરમિયાન પરિવારનાં સૌએ પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કર્યો અને સેવા-ભક્તિનો ભાવ સતત વહાવ્યો. સત્સંગના આવા આદર્શ અક્ષરમુક્તને વિદાયવેળાએ અંતરથી વંદન ! ◆

